## વડોદરાના યુવાન દ્વારા પ્રયોગ

# વાહનમાંથી નીકળતો ધુમાડો ૬૦ ટકા ઘટાડતુ યંત્ર

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,રવિવાર

ગ્લોબલ વોર્મિંગને નિયંત્રણમાં લેવા માટે એક સાધનની શોધ વડોદરાના એક ભાવિ ફાર્માસિસ્ટે કરી છે. જેની મદદથી વાહનના પ્રદુષણમાં સાઠ ટકા જેટલો ઘટાડો કરી શકાય છે.

## વાહનના સાયલેન્સર સાથે ડિવાઈસ જોડી દેતાં સાઠ ટકા પ્રદુષણને નિયંત્રમમાં લઈ શકાય છે

અત્રેના વરણામા સ્થિત બાબરીયા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વીસ વર્ષના જૈમિન રજનીકાન્ત શાહે એક ડિવાઈસ બનાવ્યું છે, જે વાહનના સાયલેન્સર સાથે લગાવી દેવાતા તેમાંથી નીકળતા ૬૦ ટકા પ્રદુષણને કંટ્રોલમાં લઈ શકાય છે.

જૈમિનનો દાવો છે કે આ ડિવાઈસ ઉપરાંત તેણે ફેકટરીની ચીમનીઓમાંથી નિકળતા ધુમાડાને પણ શોષી લે તેવુ યંત્ર વિકસાવ્યુ છે. ઉપરાંત પાણી અને તૈલી પદાર્થોનું પ્રદુષણ પણ અટકાવી શકાય તેમ વિશિષ્ટ યંત્ર તેણે વિકસાવ્યા છે. પારૂલ ઈન્સ્ટિટ્યુટ ખાતે ઉજવાઈ રહેલા ફાર્મફિસ્ટ-૨૦૧૦મા તેણે આ યંત્રો સૌ પ્રથમ જાહેરમાં પ્રદર્શિત કર્યા હતા. આ સંશોધને તેને ફેસ્ટમાં પ્રથમ સ્થાનનું વિજેતાપદ પણ અપાવ્યુ હતું. પોતાના ડિવાઈસની સફળતા ચકાસવા જૈમિને વીસથી વધુ કેમિકલસનો ઉપયોગ કર્યો હતો અને જુદા જુદા ચાલીસેક પ્રયોગો કર્યા હતા.

